# કોલજ ઓફ એગ્રીકલ્ચર, જબુગામ ના વિદ્યાર્થીઓએ ડાંગર સશોધન કેન્દ્ર, ડભોઈ ની મલાકાત લીધી

આજે તા ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ના સાતમા સેમેસ્ટરના ૫૦ વિદ્યાર્થીઓએ ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ની મુલાકાત લીધી. આ મલાકાતનો ઉદેશ વિદ્યાર્થીઓને સશોધન કેન્દ્રમાં ડાંગર ના પાકો પર થતાં સંશોધન અને બીજ ઉત્પાદન વિષે માહિતી આપવાનો હતો. શ્રી એ. જી. પંપાણીયા, યુનિટ હેડએ વિદ્યાર્થીઓને ડાંગરની અલગ અલગ જાતો જી. એ. આર. ૧૩, જી. આર. ૨૧ અને ગુર્જરી જાતો વિશે માહિતી આપી કેન્દ્ર ખાતે લેવામાં આવતા ડાંગર ના અખતરાઓ વિષે તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ પ્રવૃતિ વિષે અવગત કરાવ્યા. સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણીએ વિદ્યાર્થીઓને ડાંગરની આધુનિક ખેતી પદ્ધતિ, ડાંગરના પાકમાં લેવામાં આવતા ડેમોસ્ટ્રેશન અને નાડેપ કમ્પોસ્ટ વિષે માહીતી આપી અને કેવી રીતે ઉત્પાદન વધે તેના વિશે અવગત કરાવ્યા હતા. શ્રી ડી. કે. રાઠવા, એગ્રીકલ્ચર ઓફીસરએ ડાંગર ના પાકમાં બીજ ઉત્પાદન વિષે માહિતી આપી હતી.









